અનુસંધાન ... પાના પહેલાનું

ત્રાસવાદીઓની 6...

સાથે કથિત જોડાણ માટે ધરપકડ કરાયેલા આઠ લોકોની પૂછપરછ અને તેમના પરિવાર, મિત્રો અને પાડોશીઓ સાથેની વાતચીત પછી બધી કડીઓને ભેગી કરી યોજનાની વિગતો એકત્રિત કરવામાં આવી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં રહેતો 28 વર્ષીય ડો. ઉમર, જે 10 નવેમ્બરના રોજ લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટમાં માર્યો ગયો હોવાનું માનવામાં આવે છે તે કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા ત્રાસવાદી નેટવર્કમાં મુખ્ય વ્યક્તિ તરીકે ઉભરી આવ્યો છે. ડો. મુઝમ્મિલ અહમદ ગની ઉર્ફે મુસૈબની ધરપકડ સાથે તેની યોજના નિષ્ફળ ગઈ. તે ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો અને તેના રૂમમાંથી 360 કિલો એમોનિયમ નાઇટ્રેટ મળી આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉમર ગભરાઈ ગયો હતો અને વિસ્ફોટ આકસ્મિક હતો. ઉમર એકલો હતો અને તેનો શૈક્ષણિક રેકોર્ડ ઉત્તમ હતો. 2021માં જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આઠ લોકોમાંથી પ્રથમ ગની સાથે તુર્કીએની યાત્રા બાદ તેમાં નાટકીય પરિવર્તન આવ્યું અને તે કટ્ટરવાદ તરફ ગયો હતો, એમ અધિકારીઓએ દાવો કર્યો હતો. એવું માનવામાં આવે છે કે તુર્કીમાં બંને પ્રતિબંધિત જેઇએમના કાર્યકરોને મળ્યા હતા. તુર્કીની યાત્રા પછી, બદલાયેલા ઉમરે કથિત રીતે ગની સાથે એમોનિયમ નાઇટ્રેટ, પોટેશિયમ નાઇટ્રેટ અને સલ્ફર સહિતના વિસ્ફોટકો એકઠા કરવાનું શરૂ કર્યું અને તેને અલ ફલાહ કેમ્પસમાં અને તેની આસપાસ ભેગું કરવાનું શરૂ કર્યું જ્યાં તે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉમરે ડિસેમ્બરમાં પોતાની ત્રાસવાદી યોજના વિશે અન્ય લોકોને જાણ કરી હતી અને હ્યુન્ડાઇ આઇ20માં વિસ્ફોટકો મૂકીને તેની તૈયારી શરૂ કરી હતી.

પોલીસે લાલ...

ઉપયોગ કરીને આ બીજી કાર પણ ખરીદી હતી. ઉમર દ્વારા જાસૂસી પ્રવૃત્તિઓ માટે આ કારનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની શંકા છે. ફરીદાબાદ પોલીસે દિલ્હી વિસ્ફોટોમાં શંકાસ્પદ લાલ રંગની ઇકો સ્પોર્ટ્સ ડીએલ 10 સીકે 0458 કાર પકડી. પોલીસને ખંડાવલી ગામ નજીક એક ફાર્મહાઉસમાં પાર્ક કરેલી આ કાર મળી. એનએસજીની એક ટીમ પણ પહોંચી ગઈ છે અને તપાસ કરી રહી છે કે કારમાં કોઈ વિસ્ફોટક તો નથી. આકાર વર્ષ 2017માં દિલ્હીના રાજૌરી ગાર્ડનના એક સરનામા પર નોંધાઈ હતી. દિલ્હી પોલીસની ઓછામાં ઓછી પાંચ ટીમોને કાર શોધવા માટે તૈનાત કરી હતી, જ્યારે પાડોશી રાજ્ય ઉત્તર પ્રદેશ અને હરિયાણા પોલીસને પણ વધુ સતર્કતા જાળવવા અને શોધમાં મદદ કરવા માટે એલર્ટ કરવામાં આવી હતી.

ભુટાનથી આવી...

વડા પ્રધાન લગભગ 25 મિનિટ સુધી હોસ્પિટલમાં રહ્યા હતા. એક્સ પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું, ''એલએનજેપી હોસ્પિટલ ગયો અને દિલ્હીમાં થયેલા વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોને મળ્યો. દરેકના ઝડપથી સ્વસ્થ થઈ જાય તેવી પ્રાર્થના કરું છું. કાવતરા પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે!'' અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભુટાનથી આવ્યા બાદ તરત જ વડા પ્રધાન વિસ્ફોટ પછી ઘાયલ થયેલા લોકોને મળવા સીધા હોસ્પિટલમાં ગયા હતા, જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે. જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે તે હોસ્પિટલમાં અને તેની આસપાસ ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પીએમ મોદી ઘાયલોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી અને તેમના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. અધિકારીઓએ ઉમેર્યું હતું કે, હોસ્પિટલમાં અધિકારીઓ અને ડોક્ટરો દ્વારા પણ પીએમને માહિતી આપવામાં આવી હતી.

સરકારે લાલ કિલ્લા...

આતંકવાદી ઘટનામાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોના માનમાં બે મિનિટનું મૌન પાળીને, મંત્રીમંડળે આ ઘૃણાસ્પદ કૃત્યની નિંદા કરતો અને ઘટનામાં થયેલા જાનહાનિ પર ગહન શોક વ્યક્ત કરતો ઠરાવ પસાર કર્યો હતો.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ''વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 10 નવેમ્બર 2025ના રોજ સાંજે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટ સાથે જોડાયેલી આતંકવાદી ઘટનામાં થયેલી જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.''

દિલ્હી વિસ્ફોટના તાર...

કરવાનું નક્કી કર્યું. ડો. મુઝમ્મિલ ફરીદાબાદમાં અલ-ફલાહા મેડિકલ કોલેજમાં જોડાયો હતો. ઉલ્લેખનીય છે કે 10 નવેમ્બરની સાંજે, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક વિસ્ફોટકોથી ભરેલી કારમાં વિસ્ફોટ થયો હતો, આ કાર પુલવામાના ડો. મોહમ્મદ ઉમર નબી ચલાવી રહ્યો હતો એવી શંકા છે. યુનિવર્સિટી સાથે સંકળાયેલા ત્રણ ડોક્ટરો સહિત આઠ લોકોની ધરપકડ અને 2,900 કિલો વિસ્ફોટકો જપ્ત કર્યાના કલાકો પછી આ વિસ્ફોટ થયો હતો, જેનાથી કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા જૈશ-એ-મોહમ્મદ અને અંસાર ગઝવત-ઉલ-હિંદ સાથે જોડાયેલા 'વ્હાઇટ-કોલર ત્રાસવાદી મોડ્યુલ'નો પર્દાફાશ થયો હતો. ધરપકડ કરાયેલા લોકોમાંથી એક ડો. મુઝમ્મિલ ગનઈ અલ-ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો.

ધરપકડ કરાયેલા...

વિસ્તારમાં અનેક વખત રેકી કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે તેમને શંકા છે કે આ જગ્યાઓ પ્રજાસત્તાક દિવસે ઐતિહાસિક સ્મારકને નિશાન બનાવવાના મોટા કાવતરાનો ભાગ હતી, પરંતુ તે સમયે વિસ્તારમાં સઘન પેટ્રોલિંગને કારણે તેને નિષ્ફળ બનાવવામાં આવી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ડમ્પ ડેટાના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં ડો. મુઝમ્મિલ લાલ કિલ્લા વિસ્તારમાં અને તેની આસપાસ વારંવાર ગયો હતો. એજન્સીઓ ડો. ઉમરની હિલચાલ અને સંદેશાવ્યવહાર પર નજર રાખવા માટે વિસ્ફોટના દિવસે બપોરે 3 વાગ્યાથી સાંજે 6.30 વાગ્યા સુધી લાલ કિલ્લા વિસ્તારમાંથી મોબાઇલ ડમ્પ ડેટાનું પણ વિશ્લેષણ કરી રહી છે.

ઉમર નબી સાથે સુરક્ષા વ્યવસ્થા અને ભીડની ગીચતાનો અભ્યાસ કરવા માટે ડો. મુઝમ્મીલે લાલ કિલ્લાની ઘણી વખત મુલાકાત લીધી હતી. ટાવર લોકેશન ડેટા અને નજીકના વિસ્તારોમાંથી એકત્રિત કરાયેલા સીસીટીવી ફૂટેજ દ્વારા તેમની હિલચાલની પુષ્ટિ કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

'આ મુલાકાતો 26 જાન્યુઆરીના રોજ આયોજિત હુમલા પહેલા વિગતવાર રેકીનો ભાગ હતી', એમ અધિકારીએ જણાવ્યું હતું.

દિલ્હી વિસ્ફોટ બાદ...

લાખ રૂ.રૂ. છે. યુનિવર્સિટીના 40 ટકા ડોક્ટરો કાશ્મીરના છે. આ યુનિવર્સિટી ત્રણ કોલેજોમાં શિક્ષણ આપે છે: અલ-ફલાહ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, બ્રાઉન હિલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, અને અલ-ફલાહ સ્કૂલ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ. યુનિવર્સિટીમાં 650 પથારીવાળી એક નાની હોસ્પિટલ છે, જ્યાં ડોક્ટરો દર્દીઓની મફત સારવાર કરે છે. તેમાં એમઆરઆઈ, સીટી સ્કેન અને ખાસ બ્લડ ટેસ્ટ જેવી અત્યાધુનિક સુવિધાઓ છે. શંકાના ઘેરામાં આવેલી અલ ફલાહ યુનિવર્સિટીએ બુધવારે જણાવ્યું હતું કે આ ઘટનાના સંબંધમાં ધરપકડ કરાયેલા તેના બે ડોક્ટરો સાથે તેનો ફક્ત વ્યાવસાયિક સંબંધ છે અને તે કમનસીબ ઘટનાઓથી દુઃખી છે.

ત્રાસવાદ સાથે જોડાયેલા ડોક્ટરોથી પોતાને દૂર રાખતા, યુનિવર્સિટીએ એક નિવેદનમાં ભારપૂર્વક કહ્યું હતું કે તે એક જવાબદાર સંસ્થા છે અને દેશ સાથે એકતામાં ઉભી છે.

'આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓથી અમે ખૂબ જ દુઃખી છીએ અને તેની ટીકા કરીએ છીએ. અમારી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ આ દુઃખદ ઘટનાઓથી પ્રભાવિત તમામ નિર્દોષ લોકો સાથે છે', એમ યુનિવર્સિટીનાં વાઇસ ચાન્સેલર પ્રો. (ડો.) ભૂપિન્દર કૌર આનંદ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

અલ-ફલાહ...

કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા ઘાતક વિસ્ફોટ વચ્ચે સંભવિત કડીઓ શોધી કાઢી હોવાથી તેમનું ગુમ થવું શંકાના ઘેરામાં આવ્યું છે. ઓખલા સ્થિત યુનિવર્સિટીના સ્ટાફ સભ્યોના જણાવ્યા અનુસાર, યુનિવર્સિટી ગુરુવારે ચાલુ ઘટનાક્રમને સંબોધવા માટે એક પ્રેસ-કોન્ફરન્સ આયોજિત કરે તેવી અપેક્ષા છે. દરમિયાન, દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પોલીસ ટીમોએ હુમલામાં ઉપયોગમાં લેવાયેલી લાલ ફોર્ડ ઇકોસ્પોર્ટ કારને શોધવા માટે મોટા પાયે શોધખોળ શરૂ કરી છે. ડીએલ10સીકે0458 નંબર ધરાવતું આ વાહન ઉમર ઉન નબી, જેને ડો. ઉમર મોહમ્મદ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના નામે નોંધાયેલું છે.

નિકાસ વધારવા...

વેપાર કરાર માટે પણ વાટાઘાટો કરી રહ્યા છે. નાણાકીય સેવાઓ વિભાગ (ડીએફએસ)ના સચિવની અધ્યક્ષતામાં રચાયેલી એક મેનેજમેન્ટ કમિટી આ યોજનાની પ્રગતિ અને અમલીકરણનું નિરીક્ષણ કરશે.

સીજીએસઈ યોજના નવા ઉભરતા બજારોમાં નિકાસકારોને મદદ કરશે

સરકારે જણાવ્યું હતું કે સીજીએસઈ યોજના ભારતીય નિકાસકારોની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે અને નવા અને ઉભરતા બજારોમાં વૈવિધ્યકરણને ટેકો આપશે તેવી અપેક્ષા છે. સીજીએસઈ હેઠળ કોલેટરલ-મુક્ત ક્રેડિટ એક્સેસને સક્ષમ કરવાથી રોકડનો પ્રવાહ મજબૂત થશે, સરળ વ્યવસાયિક કામગીરી સુનિશ્ચિત થશે, 1 ટ્રિલિયન ડોલરના નિકાસ લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ ભારતની પ્રગતિને મજબૂત બનાવવામાં આવશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

દિલ્હી ડાયરી...

ભૂપેન હજારિકાનું અવસાન થયું ત્યારે પણ કોઈ મોટા નેતા આસામ આવ્યા ન હતા. જોકે, થોડા કલાકોમાં જ ઇન્ટરનેટે શર્માની કોંગ્રેસના દિવસોની પોસ્ટ શોધી કાઢી, જેમાં રાહુલ ગાંધીએ હજારિકાને શ્રદ્ધાંજલિ આપતા ફોટોગ્રાફ્સ દર્શાવ્યા હતા. ગાંધીએ શર્મા અને તેમના સંબંધિત રાજકારણથી જન્મેલ આ વિવાદથી ખુદને દૂર રાખી. ઝુબીન ગર્ગના નિધન પર શોક વ્યક્ત કરવા તેમના ઘરે ગયા ત્યારે ગાંધીએ કહ્યું કે, તેઓ સમજે છે કે સંગીતકાર ખુદને કંચનજંગા કેમ કહેતા હતા. ગાંધીએ કહ્યું, ''કંચનજંગાની જેમ ગર્ગ પણ પ્રામાણિક, પારદર્શક, અટલ અને સુંદર હતા.''

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી
ટેન્ડર જાહેર નિવિદા (ત્રીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ જુદા જુદા પ્રકારના કામો કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા. ૧૪-૧૧-૨૦૨૫થી જોવા મળશે. અને ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૨૪-૧૧-૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કુરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૨૬-૧૧-૨૦૨૫ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૭-૧૧-૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

અ.નં	યોજનાનુ નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજિત રકમ	કોન્ટ્રાકટર ની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	જિલ્લા આયોજન મંડળ ગ્રાન્ટ વર્ષ : ૨૦૨૫-૨૬	વોર્ડ નં : ૧૧ ખાતે વાય ફળિયા માં આંગણવાડીનું નવીનીકરણ કરવાનું કામ	રૂા.૧૧,૬૬,૭૩૬/- + ૧૮% GST	" E-2" અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા.૧૩,૮૦૦/-

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — માહિતી/વલસાડ/૬૨૩/૨૦૨૫ — પ્રમુખ, વલસાડ નગરપાલિકા

બેંક ઑફ બરોડા Bank of Baroda

રીઝનલ ઓફિસ : સુરત ગ્રામ્ય ક્ષેત્ર, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ ફોન : +૦૨૬૧-૨૨૯૪૬૩૧
E-Mail : recovery.suratdistrict@bankofbaroda.com

સોનાના દાગીનાની હરાજી–વેચાણ નોટીસ
હરાજી તા.૧૫/૧૨/૨૦૨૫

અહીં નીચે જણાવેલ વ્યકિતઓને જણાવવામાં આવે છે કે, તેમના લોન ખાતામાં તેઓ તેમની બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા છે. બેંક દ્વારા તેમને રજીસ્ટર્ડ પોસ્ટ મારફત નોટીસ પાઠવવામાં આવેલ છે. તેમને તેમની બાકી રકમ અને અન્ય ચાર્જીસ તા. ૧૪.૧૨.૨૦૨૫ સુધી માં ચુકવી તેમની બેંકમાં સુરક્ષિત ગીરવે મુકેલ સીકયોરીટીઓ છોડાવવા માટે વિનંતી કરવામાં આવે છે. તેમ કરવામાં કસુર થયેથી બેંક દ્વારા નીચે જણાવેલ સીકયોરીટીઓની **તા.૧૫/૧૨/૨૦૨૫ અથવા ત્યાર બાદ બેંકને અનુકુળ તારીખે અન્ય કોઈપણ પ્રકારની સુચના વિના સવારે ૧૧.૦૦ વાગે દેવાદારોના ખર્ચે જાહેર હરાજીથી બેંકના પ્રાંગણમાં વેચાણ કરવામાં આવશે.**

અ. નં	શાખા અને હરાજીનું સ્થળ	એનપીએની તારીખ અને લોન ખાતા નંબર	દેવાદારનું નામ	દેવાદારનું સરનામું	ઈ– હરાજી નું સ્થળ શાખા અને સરનામું
૧	વ્યારા, સુરત	૨૯/૦૫/૨૦૨૫ ૦૨૬૯૦૬૦૦૦૦૩૫૪૮	વિવેક રાજેન્દ્રકુમાર દુબે	૩૧, બી જલારામ નિવાસ ઈન્દુ રામપુરા, તા. વ્યારા	એસ.એમ.એસ.પી.એસ.એસ મંડળી લીમીટેડ, મુ. પ્રાથમીક શિક્ષક ભવન, સ્ટેશન રોડ, તા. વ્યારા, જી. તાપી.
૨	બોધાન, ગુજરાત	૨૧/૦૮/૨૦૨૫ ૦૨૩૦૦૬૦૦૦૦૫૨૪૯	અંકિતભાઈ ગણેશભાઈ ચૌધરી	કેવડિયા, તા. માંડવી, જી. સુરત	રાજા ઓવારા, બોધાન, તા. માંડવી, જી. સુરત–૩૯૪૧૪૦
૩	કોસંબા, ગુજરાત	૦૯/૦૭/૨૦૨૫ ૦૨૭૨૦૬૦૦૦૧૦૦૯૬	પટેલ વિજયકુમાર	ઘર નં. ૧ ચિત્રકૂટ સોસાયટી, આંબાવાડી, તરસાડી, કોસંબા	દુકાન નં. ૧, સેફરોન કોમ્પલેક્ષ, કોસંબા, જી. સુરત –૩૯૪૧૨૦
૪		૧૧/૦૫/૨૦૨૫ ૦૨૭૨૦૬૦૦૦૧૦૫૨૮	અનિતા	૧૬૮ શીવમ રેસીડન્સી, કુનવરડા માંગરોલ, કોસંબા, ગુજરાત	
૫	મોટા, ગુજરાત	૦૮/૧૦/૨૦૨૫ ૦૨૭૪૦૬૦૦૦૦૨૭૩૦	હિમાંશુભાઈ કાંતિભાઈ પટેલ	કોળીવાડ, રામપુરા, ખારવાસા, તા. બારડોલી, જી. સુરત	ઘર નં. ૪૦૯, શ્રી મોટા સાર્વજનીક પુસ્તકાલય અને વાચનાલય, ઝંડા ચોક, મોટા, ૩૯૪૩૪૫.
૬	સાયણ, સુરત	૩૧/૧૦/૨૦૨૫ ૦૨૭૯૦૬૦૦૦૦૭૯૨૫	મૈયાની મીલનકુમાર છગનભાઈ	બી–૪૮, યોગેશ્વર સોસાયટી શ્યામધામ, પુણાગામ, સુરત	શ્રીરામ કોમ્પલેક્ષ, ૧૬/૨–એ, બજાર, સાયણ, જી. સુરત–૩૯૪૧૩૦
૭	વાંકાનેર,ગુજરાત	૦૮/૧૦/૨૦૨૫ ૦૨૮૩૦૬૦૦૦૨૩૦૬	ટીના હેમંત કુમાવત	દુકાન નં. ૪૦ જૈએસડી કોમ્પલેક્ષ અલ્લુ બારડોલી	બ્લોક નં. ૧૨૪૬, માતુ ભવન, મોજે વાંકાનેર– ૩૯૪૬૨૦
૮	વાંકલ,ગુજરાત	૦૪/૦૭/૨૦૨૫ ૦૨૮૫૦૬૦૦૦૦૨૯૪૬	મદન સિંઘ રાજપુરોહિત	૧૨ બજાર વિસ્તાર, વાંકલ – ૨ ગુજરાત	સ્પર્સ કોમ્પલેક્ષ, ગામ. વાંકલ, એસબીઆઈ ની સામે, તા. માંગરોળ, જી.સુરત ૩૯૪૪૩૦
૯		૦૪/૦૭/૨૦૨૫ ૦૨૮૫૦૬૦૦૦૦૨૯૪૧	મદન સિંઘ રાજપુરોહિત	૧૨ બજાર વિસ્તાર, વાંકલ – ૨ ગુજરાત	
૧૦	હરીપુરા,ગુજરાત	૦૮/૦૯/૨૦૨૫ ૦૭૨૭૦૬૦૦૦૦૪૭૫૩	લખારા પવનભાઈ	હોળી ફળીયુ, પો. પિપરીયા, તા. માંડવી, જી. સુરત.	મિલકત નં. ૪૦૮, ટાવર નજીક, હરીપુરા, તા. બારડોલી–૩૯૪૩૩૫
૧૧	માંડવી મેઈન	૨૭/૦૯/૨૦૨૫ ૦૭૨૯૦૬૦૦૦૦૬૨૫૩	જયોતિન્દ્ર રતિલાલ મીશ્રા	૧૭૦ ખોડિયારનગર સોસાયટી, ગાંધીરોડ, મુ.બારડોલી, પો. બારડોલી, તા. બારડોલી, જી.સુરત.	શ્રદ્ધા સબુરી, એપ્ટ, ખત્રીવાડ, બસ સ્ટેન્ડ પાસે, માંડવી, જી. સુરત –૩૯૪૧૬૦
૧૨	હલધરૂ, ગુજરાત	૦૫/૧૦/૨૦૨૫ ૧૭૧૫૦૬૦૦૦૦૬૭૭૭	સંદિપકુમાર રમેશભાઈ પટેલ	મુ.પો. હલધરૂ, તા. કામરેજ, સુરત	બીઓબી, હલધરૂ, શાખા, પાંજરીની ટાંકી પાછળ, હલધરૂ –મોટા રોડ, હલધરૂ, તા. કામરેજ, જી.સુરત.
૧૩		૨૫/૦૮/૨૦૨૫ ૧૭૧૫૦૬૦૦૦૦૨૩૩૯	આશા દેવી	૬૮, આરાધના પ્લેટીન્યુમ, ૨ ઉમરાખ, બારડોલી	
૧૪	હલધરૂ, ગુજરાત	૧૫/૦૭/૨૦૨૫ ૧૭૧૫૦૬૦૦૦૦૨૬૧૯	મેઘાત નયનાબેન	તે જયેન્દ્રસિંહ ના પત્ની, ઘર નં. ૧/૧, પટેલ ફળીયુ, અલુરા, કામરેજ, સુરત.	બીઓબી, હલધરૂ, શાખા, પાંજરીની ટાંકી પાછળ, હલધરૂ –મોટા રોડ, હલધરૂ, તા. કામરેજ, જી.સુરત.
૧૫	વેલડા, ગુજરાત	૦૬/૧૦/૨૦૨૫ ૧૮૨૧૦૬૦૦૦૦૩૩૬૭	પાડવી નરેશભાઈ પરસરામભાઈ	મુ. પોસ્ટ. ટુમકીતલાવ, તા. નીઝર, તાપી	(વેલડા વિભાગ દુધ ઉત્પાદન સહકારી મંડળી ની જગ્યા) ઘર નં. ૧૭૩૩, પોસ્ટ– વેલડા, તા. નીઝર, જી.તાપી– ૩૯૪૩૭૦
૧૬	ગોવાણ, ગુજરાત	૦૮/૦૬/૨૦૨૫ ૪૦૨૪૦૬૦૦૦૦૩૪૦૩	જોશણી હંસરાજભાઈ પરાગજીભાઈ	૧૦૮ રાજનંદીની રેસીડન્સી, વિભાગ–૨, તા. ઓલપાડ, ઉમરા, સુરત.	બેંક ઓફ બરોડા, સાર્વજનીક કેળવણી મંડળ, ગોવાણ, ૩૯૪૧૩૦
૧૭	મુળદ ગામ	૧૪/૦૬/૨૦૨૫ ૮૦૬૦૬૦૦૦૦૧૩૭૧	અરવિંદ તીવારી	ફલેટ નં. ૨૦૪, ગેલેક્ષી એપાર્ટમેન્ટ, હરીહર નગર મુ. કીમ, તા. ઓલપાડ, જી.સુરત, ગુજરાત.	ઈવીબી, દુકાન નં. ૬–૯, આર.કે કોનર મુળદ પાટીયા, મુળદ, તા. ઓલપાડ, સુરત– ૩૯૪૧૧૦
૧૮	બાજીપુરા	૦૯/૦૭/૨૦૨૫ ૯૩૦૬૦૦૦૦૧૧૬૦	પ્રિયંકા અભયકુમાર ભકતા	મુ. પોસ્ટ. બાજીપુરા, તા. વાલોડ, જી.તાપી, ઘનશ્યામ નગર	સાર્વજનીક લાઈબ્રેરી બીએલડીજી, બાજીપુરા
૧૯		૦૯/૦૭/૨૦૨૫ ૯૩૦૬૦૦૦૦૧૧૪૯	અભયકુમાર સુરેન્દ્રભાઈ ભકતા	ઘનશ્યામ નગર, બાજીપુરા, વાલોડ, તાપી,	
૨૦		૦૯/૦૭/૨૦૨૫ ૯૩૦૬૦૦૦૦૧૧૦૧	અભયકુમાર સુરેન્દ્રભાઈ ભકતા	ઘનશ્યામ નગર, બાજીપુરા, વાલોડ, તાપી,	

હરાજી બેંક દ્વારા નક્કી કરવામાં આવેલ વેચાણની શરતો અને નિયમો ને આધીન રહશે, જેની એક નકલ ઉપરોક્ત દર્શાવેલ શાખાના નોટીસ બોર્ડ ઉપર **૧૫.૧૧.૨૦૨૫ થી ૧૪.૧૨.૨૦૨૫** સુધી પ્રદર્શિત કરવામાં આવશે રસ ધરાવનાર પાર્ટી તેનો અભ્યાસ કરી શકે છે. હરાજીમાં ભાગ લેનાર બિડર ને ઉપરોક્ત શરતો અને વેચાણ ની શરતોની જાણકારી હોવાનું માનવામાં આવશે.

તારીખ : ૧૩.૧૧.૨૦૨૫ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI

એસેટ રીકવરી શાખા સુરત
પમો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત –૩૯૫૦૦૩.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ–હરાજી વેચાણ નોટીસ

ઈ–હરાજીની તા.૦૯.૧૨.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૯(૧) અને ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો **પ્રત્યક્ષ કબજો** બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. **નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.**

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	(અ) ડિમાન્ડ નોટીસ ૧૩(૨) ના સરફેસી એકટ ૨૦૦૨ હેઠળ (બ) બાકી રકમ અને ડિમાન્ડ નોટીસની તારીખ (ક) કબજા નો પ્રકાર સાંકેતીક/પ્રત્યક્ષ/ રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત(રૂા.લાખમાં) (૧૦% આર.પી) ઈએમડી (રાઉન્ડેડ ઓફ રૂા.લાખમાં)
૧	**મેસર્સ રામસુન પોલીમર્સ, શ્રી પરેશભાઈ સામજીભાઈ ચોવટીયા**	**લોટ નં. ૧ – સ્થાયી મિલકત** કે જે પીપોદરા ખાતે આવલે રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નામે જાણીતા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના 'બી – ટાઈપ' ના સબ પ્લોટ નં. ૫૫ અને ૫૬ પ્લોટ ૩ પ�ૈકી ના (રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક/ પ્લોટ નં. ૩૮૬/બી–૩) એકીકરણ પછી નવો રીવાઈઝડ બ્લોક નં.૧૨૨૨) જમીન રેવન્યુ સર્વે નં. ૩૮૪ બ્લોક નં. ૩૮૬ ગામ. પીપોદરા, જી. સુરત ખાતે આવેલ છે. **લોટ નં. ૨– અસ્થાયી મિલકત :– ૧ સેટ નવુ મશીન :– સોફ્ટ પીવીસી ક્લીયર ગ્લાસ પ્રોફાઈલ પ્લાન્ટ** (વિસ્તૃત વિગતે વર્ણન :– ૭૫ એમએમ સ્ક્રુ બેરલ્સ અને ૨૦૦ સીડી ગીયર બોક્ષ **(ONHS)** એસએસ ૩૦૪ મટીરીયલ (ડાઈ અને હેડ) સિરામિક હીટર હેવી ડયુટી ટેકઅપ પ્લાન્ટ ૪૦ એચપી એસી ડ્રાઈવ મોટર સાથે, હાઈસ્પીડ એસ એસ કુલીંગ મીક્ષર મશીન ૫૦ એચ.પી મોટર સાથે, સ્ટાર ડેલ્ટા પેનલ કન્ટ્રોલર બોર્ડ, એસએસ પાણીની ટાંકી ૧૦ ફુટ લંબાઈ ઉપર નીચે, ૧૦ ટન કુ